# 15th

# ANNUAL REPORT

# ALL MEMON WELFARE CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED

*1-7-1985 to 30-6-1986*

## ઓલ મેમણ વેલ્ફેર કો—ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ

## ૧૫મો વાર્ષિક ઓડિટ હિસાબ-કિતાબ

Published by :
**MANAGING COMMITTEE**
All Memon Welfare Co-operative Housing Society Ltd.

★

Registered Office :
247, Sunny Plaza, 2nd Floor,
Hashrat Mohani Road, Karachi.

CamScanner

# All Memon Welfare Co-operative Housing Society Ltd.

247, Sunny Plaza, 2nd Floor, Hasarat Mohani Road, Karachi.

Karachi, dated 20th August 1986

## NOTICE FOR 15TH ANNUAL GENERAL BODY MEETING & ANNUAL GENERAL ELECTION FOR 1986-87

15TH ANNUAL GENERAL BODY MEETING AND ELECTION FOR THE YEAR 1986-87 OF ALL MEMON WELFARE CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED, KARACHI WILL BE HELD ON:-

FRIDAY THE 3RD OCTOBER, 1986 AT 10-00 A. M.

AT : GHOSIA HALL RANCHORE LANE, KARACHI.

FOLLOWING AGENDAS WILL BE TRANSACTED AT THE MEETING.

All the plot holders of the Society are requested to attend the meeting in the time-

AGENDAS : Tilawat - e - Quraan.

ITEM NO. 1 : To read and confirm the minute of the last 14th Annual General Body Meeting held on 18th October, 1985.

ITEM NO. 2 : To approve and confirm the Aunual Report of the Managing Committee for the year 1985-86 ended on 30th June, 1986.

ITEM NO. 3 : To approve and confirm the Audited Accounts of the Society for the year ended on 30th June. 1986.

ITEM NO. 4 : To Elect/Appoint Auditor's for the year 1986-87 and to fix their remuneration.

ITEM NO. 5 : To elect one President and 6 (Six) Committeemen for the year 1986-87 as per Bye-Laws 47(a) of the Society.

(A retiring President Mrs. Isharat Hanif Motiwala and Six Committeemen namely Mr. Ali Mohammad Piprani, Mr. Mohammad Iqbal Ismail Mangrolwala, Mr. Haji Amin Jamal, Mr. Mohammad Asharaf Suleman Adamjee, Mr. Mohammad Hanif Ayoob Bombiya and Mr. Abdul Razzak Dhedey.)

ITEM NO. 5 : To consider any other matter with the permission of the Chair.

NOTE :- Should the meeting be adjourned for want of QUORRAM or because of agendas remain un-finished, the Adjourned meeting shall be held on 10th October, 1986 at the same time and place.

ALI MOHAMMAD PIPRANI
Hon. Gen. Secretary

CS CamScanner

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીની

## પ્ર મુ ખ

## મોહતરેમા ઈશરત હનીફ મોતીવાલાની

# તકરીર



માનનીય સભ્યો,

અને હાજરીન ભાઈઓ અને બહેનો,

અસ્સલામો અલયકુમ.

સોસાયટી વતી અને મારા સાથીઓ તરફથી હું આપનો હાર્દિક આભાર માનું છું કે આપ લોકો આ વાર્ષિક સભાના મુદ્દાઓને સમજીને એમાં હાજરી આપી અમને આભારી કર્યા.

માનવંતા સભ્યો— આવો આપણે અલ્લાહતઆલાના શુક્ર અદા કરીએ કે તેની અપાર રહેમતો થકી આપણી સંસ્થા પોતાની ભરચક કારકીર્દીનો પંદરમો વર્ષ પુરો કર્યો છે.


સોસાયટીની વાર્ષિક પ્રવૃતિઓનો વિગતવાર રિપોર્ટ આપણા ખંતીલા માનદ મંત્રી જ. અલીમોહંમદ પીપરાણી સાહેબે આપની સમક્ષ રજુ કર્યો છે. એટલે તેને ફરીવાર દોહરાવીને આપનો કીમતી સમય બગાડવા માગતી નથી. મારે માત્ર એટલું જ કહેવાનું છે કે જ્યાં આપ ઇચ્છો છો કે સોસાયટી બધા કામો જેમ બને તેમ જલ્દી પતાવીને પ્લોટોની અમાનતો તેમના એલોટીઓને સુપર્દ કરી દે ત્યાં આપની પણ આ પહેલી ફરજ છે કે સોસાયટી તરફથી વખતોવખત જે સુચનાઓ આપને આપવામાં આવે છે તેના પર આપ સૌ અમલ કરો.

મને આ કહેતાં બહુજ અફસોસ થાય છે કે સભ્યો પોતાના હફતાઓની રકમો ભરવામાં બહુજ ઢીલ કરે છે. માટે ગયા વર્ષની મારી તકરીરનો આ ભાગ ફરીવાર કહેવો પડે છે કે કશા પણ ખરા અને તાકીદના કારણ વગરની ઢીલને સોસાયટી હવે વધુ વાર નીભાવી શકશે નહિ, કારણ કે આંતરિક વિકાસનો કામ શરૂ થઇ ચુકયો છે. ખર્ચાઓ ચાલુ છે, KDA ને ચોથા હફતાની રકમ રૂા. ૯,૬૮,૦૦૦ ભરવાના છે. એટલે પૈસાની સખ્ત જરૂરત રહેશે. હવે આવા

સમયે કોઇ જાણી જોઇને ઢીલ કરતા રહેશે તો અમારે લાચારીએ એવા સભ્યોને ડીફોલ્ટર જાહેર કરવા પડશે, અને તેમના પ્લોટો બીજા કોઇને આપવા પડશે. મને ઉમ્મીદ છે કે સભ્યો અમારી આ મુશ્કેલીઓને નજર સમક્ષ રાખીને પોતાની તરફ નીકળતી રકમો તાત્કાળિક ભરપાઇ કરી અમારી મદદ કરશે.

અંતમાં હું અલ્લાહતઆલાનો શુક્ર અદા કરૂં છું કે જેના ફઝલો કરમ વીતેલા વર્ષ દરમ્યાન અમારી સાથે રહયા અને દુઆ કરૂં છું કે ભવિષ્યમાં પણ બારી તઆલાના ફઝલો કરમ અમારી સાથે રહે, તો સોસાયટી ચોકકસ-નિશંક રીતે પોતાની મંઝિલ પર પહોંચીને રહેશે. સાથો સાથ આપ સૌનો પણ આભાર માનું છું કે સોસાયટીના દરેક કાર્યમાં આપનો અમલી સાથ-સહકાર મળતો રહયો છે. અને ઉમ્મીદ રાખું છું કે ભવિષ્યમાં પણ આપનો તથા ખાસ કરીને મેનેજીંગ કમીટીના સભ્યોનો અમલી સહકાર મળતો રહેશે.

—વસ્સલામ



તા. ૯મી નવેમ્બરના મેમણ નગર ખાતે યોજાયેલા સમારંભના અંતે વૃક્ષ-રોપણ કરી રહેલા જ. હાજી ઇબ્રાહીમ શેઠ પાકોલાવાલા સાથે જ. નુરમોહંમદ ઉરૂસવાલા, જ. અ. કરીમ પાનવાલા અને જ. અ. ગફ્ફાર કાસમ લોધીકાવાલા નજરે પડે છે.

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ

## ની મેનેજીંગ કમીટી વતી માનદ મંત્રી

# જનાબ અલીમોહંમદ પીપરાણીએ

## રજુ કરેલો સંસ્થાનો

# પંદરમો વાર્ષીક ઓડીટ હિસાબ-કિતાબ અને પ્રવૃત્તિઓનો અહેવાલ



માનવંતા પ્રમુખ સાહેબ,

માનનીય કારોબારી સમીતીના સભ્યો તથા

સોસાયટીના મોહતરમ પ્લોટ હોલ્ડરો,

બહેનો અને ભાઇઓ,

અસ્સલામો અલયકુમ,

ખુદાવંદ કરીમના ફઝલો કરમથી અને તેની અપાર રહેમતોના પરિણામે સંસ્થાએ પ્રવૃત્તિઓથી ભરપુર પોતાનો પંદરમો વર્ષ પુરો કરીને હવે ૧૬મા વર્ષમાં શુભ પ્રવેશ કરી રહી છે.

અહેવાલવાળા વર્ષ દરમ્યાન આપ ભાઇ-બહેનોના મળેલા સાથ-સહકારના પરિણામે ગત વર્ષમાં સંસ્થાએ બજાવેલી કામગીરીનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં હું બેહદ ખુશી અનુભવું છું.

## ગામવાદથી પર સંસ્થા

આ હકીકતથી આપ સૌ સારી પેઠે જાણકાર છો કે આપણી સંસ્થા ગામવાદથી પર રહીને કોમની સમુહ વસાહત ઉપર ગંભીર રીતે કામ કરી રહી છે. આપણી સંસ્થામાં વધુ પડતા સભ્યો મધ્યમ અને ગરીબ વર્ગથી સંબંધ ધરાવે છે. જેમાં નિરાધાર એવા બાઇઓનું પ્રમાણ સારા જેવું છે.

## ચુંટણીઓ

તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૮૫ના રોજ મળેલી ૧૪મી વાર્ષિક સભામાં પ્રમુખ તરીકે ફરી એકવાર મોહતરમા ઇશરત હનીફ મોતીવાલા સાહેબા બિનહરીફ પ્રમુખ તરીકે ચુંટાઇ આવ્યા હતા. અને મેનેજીંગ કમીટીમાં પુનઃ જ. અ. ગની છાપરા, જ. યુસુફ એમ. મેમણ તથા યુસુફ અબ્દુલ્લાહ અને નવા સભ્ય તરીકે જ. ગુલામ હુસેન હબીબ અને જ. અ. રઝઝાક હાજી મોહંમદ-એમ કુલ પાંચ જણા કમિટીના સભ્ય તરીકે બિનહરીફ ચુંટાયેલા જાહેર કરાયા હતા.

## ચુંટણી કમીશન

સતત બીજા વર્ષમાં પણ જ. હાજી ઉમર ઇસાની સાહેબે ઇલેકશન કમીશનર તરીકે પોતાની માનદ સેવા આપી હતી. જે માટે આપણે સૌ તેમના આભારી છીએ.

## દુઃખદ અવસાન

ઘણાજ અફસોસ સાથે આ નોંધ લેવામાં આવી રહી છે કે અહેવાલવાળા વર્ષ દરમ્યાન આપણી સંસ્થાની માનનીય બાનુ પ્રમુખ મોહતરેમા ઇશરત હનીફ મોતીવાલાના પતિ અને સંસ્થાના હિતેચ્છુ જ. અ. ગફાર હાશમ મોતીવાલાના ભાઇ જ. મોહંમદ હનીફ હાશમ મોતીવાલાનો તા. ૧૯–૫–૮૬ના લંડન મુકામે દુઃખદ ઇન્તેકાલ થયો હતો. (ઇન્ના......) બાનુ પ્રમુખ તથા જ. અ. ગફાર હાશમ મોતીવાલા અને તેમના કુટુંબીજનોને આ ન પૂરી શકાય એવી ખોટ બદલ આપણે સૌને ખરેખર ઘણોજ અફસોસ થયો છે. અલ્લાહતઆલા મરહુમને જનતુલ ફિરદોસમાં આલા મુકામ અતા ફરમાવે અને મરહુમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે (આમીન)

## આંતરિક વિકાસ કાર્યનો આરંભ

મને આ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે આપણી વસાહત યોજનામાં ગયા વર્ષની ૨૮મી ઓકટોબર (૧૯૮૫)થી આંતરિક વિકાસ કાર્યનો પહેલો તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો. જેનો ઉદઘાટનવિધી KDAના ડાયરેકટર જનરલ જ. ઝેડ. એ. નિઝામી સાહેબના શુભ હસ્તે તા. ૨૯મી માર્ચ ૧૯૮૫ના યોજાયેલા બેલેટીંગના ઐતિહાસિક સમારંભમાં થયો હતો.

આંતરિક વિકાસના આ પહેલા તબક્કામાં જંગલની સફાઇ–જમીનની લેવલીંગ અને ખાડાઓ તથા બન્ને સેકટરોમાં નાના મોટા નાલાઓ અને ખાસ કરીને સેકટર ૧૫–Aમાં મોટા ૯૦૦ ફીટના નાલાની ભરાઇનું કામ તેમજ વ્યકિતગત પ્લોટોનું તથા આંતરિક રસ્તાઓનું ડીમારકેશન (નિશાનબંધી) પુરૂં કરી લેવામાં આવ્યું છે. આ કામ જો કે ડિસેમ્બર ૧૯૮૫માં પુરો થઇ શકતો હતો. પણ તેમાં લગભગ નવ દસ મહિનાનો વિલંબ થયો છે. તેનું કારણ કમીટીના અમુક સભ્યોની અસહકાર–નીતી જવાબદાર છે. હું આ તકે નવી ચુંટાયેલી કમીટીને આગ્રહભરી અપીલ કરૂં છું કે પોતાના અંગત વિચારો અને મતભેદોને સોસાયટીના હિતો ઉપર સરસાઇ ન આપે અને જેમ બને તેમ જલ્દી આ કામ પુરૂં કરીને જે અમાનતો આપણા હાથમાં છે તે તેમના અસલ પ્લોટ હોલ્ડરોના હાથોમાં આપવાની ભરપુર કોશિશો કરે.

## આંતરિક વિકાસનો બીજો તબક્કો

આપ સૌને આ વાત જાણીને ખુશી થશે કે આંતરિક વિકાસ કાર્યનો બીજો તબક્કો જેમાં મેમણ નગરની આંતરિક ગટર લાઇનો નાખવાનું કામ ઇન્શાઅલ્લાહ આવતા માસથી શરૂ થઇ જશે. આ કામ માટે ટેન્ડરો માગવામાં આવ્યા હતા અને તેની છણાવટ થઇ રહી છે અને ટુંક સમયમાંજ તેનો કોન્ટ્રેકટ આપી દેવામાં આવશે. આ કામ પણ અંદાજ પ્રમાણે આઠ–દસ માસમાં પુરો થઇ જશે. અને તે પછી પાણીની લાઇનો અને રસ્તાઓના બાંધકામના ટેન્ડરો માગવામાં આવશે.

## ઇન્જીનીયરની નીમણુંક

મને આ જણાવતાં ખુશી થાય છે કે હવે જે વિકાસ કાર્ય શરૂ થઇ રહયો છે તે વિકાસ કાર્ય બેહદ ટેકનીકલ ધોરણનો હોય અને તે માટે સોસાયટીએ M/s. M. A. Consultant ને સોસાયટીના કન્સલ્ટીંગ–ઇન્જીનીયર તરીકે નીમણુંક કરી છે. M/s. M.A. Consultant ટાઉનશીપનો બહોળો અનુભવ ધરાવે છે અને સ્કીમ ૩૩ની બીજી હાઉસીંગ સોસાયટીઓના વિકાસ કાર્ય સાથે પણ સંકળાયેલા છે.

## ટ્રાન્સફર ડીડ

મને આ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે અલ્લાહતઆલાના લાખ લાખ અહેસાન છે કે તા. ૨૬–૬–૮૬ના સોસાયટીને એલોટ થયેલી ૪૦ એકર

CamScanner

જમીનની ટ્રાન્સફર ડીડ D. C. East તરફથી સોસાયટીને સોંપી દેવામાં આવી છે. અત્રે એ યાદ રહે કે આપણી કોમની ૧૩ સોસાયટીઓમાં આપણી આ પહેલી સોસાયટી છે જે ટ્રાન્સફર ડીડ મેળવવામાં સફળ થઇ છે. આ કામમાં એકધારી સેવા આપનાર જ. રફીક નુરનો અમે ખાસ આભાર માનીએ છીએ.

## પ્લોટોનું લીઝ

ટ્રાન્સફર ડીડ મળી જતાં હવે સોસાયટી પોતાના પ્લોટ હોલ્ડરોના વ્યક્તિગત પ્લોટોનું લીઝ કરાવી શકશે

## જમીનની કીમત

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન સોસાયટીએ જમીનની કીમતના બાકી રહેતા છેલ્લા બે હફતાઓની રકમ રૂા. ૬.૭૭.૬૦૦ D C. Eastને ભરપાઇ કરી દીધી છે જો કે સોસાયટીના સભ્યોથી એક હફતો લેવાનું બાકી છે.

## KDA નો આઉટડોર ડેવલેપમેન્ટ

અહેવાલવાલા વર્ષ દરમ્યાન K D A ના આઉટડોર ડેવલેપમેન્ટ ચાર્જના ત્રીજા હફતાની રકમ રૂા. ૯.૧૮.૦૦૦ પણ D. C. Eastને ભરપાઇ કરી દેવામાં આવી છે.

## એલોટમેન્ટ ઓર્ડર

ગયા વર્ષના રિપોર્ટમાં જણાવ્યા મુજબ આંતરિક વિકાસનો પહેલો તબક્કો પુરો થતાં એલોટમેન્ટ ઓર્ડર આપી દેવાનું કાર્યક્રમ હતું અને તે માટે માર્ચ ૧૯૮૬માં એક શાનદર પ્રોગ્રામ પણ તૈયાર કરી લેવામાં આવ્યો હતો. પણ મુખ્ય મહેમાન તરીકે નોતરવામાં આવેલા સિન્ધના મુખ્ય પ્રધાન જ. ગોસઅલી શાહ સાહેબના સમયના અભાવે તે કાર્યક્રમ રમઝાન બ.દ (જુલાઇ ૧૯૮૬)માં યોજવાનું નક્કી થયું હતું. પણ સોસાયટીના બાનુ પ્રમુખ મોહતરેમા ઇશરત હનીફ મોતીવાલા સાહેબાના પતિના દુઃખદ ઇન્તેકાલના કારણે તેણીની 'ઇદ્દત'ની મુદ્દત (જે ગયા અઠવાડિયે પુરી થઇ છે.) સુધી મુલતવી રાખવાનું નક્કી થયું હતું અને હવે એલોટમેન્ટ ઓર્ડર આપવાનો જલ્સો ઇન્શાઅલ્લાહ તઆલા આવતા માસમાં યોજવામાં આવશે.

૯મી નવેમ્બર ૧૯૮૫નો દિવસ સોસાયટી માટે એક યાદગાર દીવસ લેખાશે. તે દીવસે નવી સ્થાપાયેલી ઓલ મેમણ કો-ઓપ હાઉસીંગ સોસાયટી ફેડરેશનના ચેરમેન જ. હાજી ઇબ્રાહીમ શેઠ પાકોલાવાલાની નેતાગીરી હેઠળ ફેડરેશન તથા કોમના અગ્રેસરોએ મેમણ નગરની મુલાકાત લીધી હતી, અને આંતરિક વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. અને કીમતી સલાહ-સુચનો આપ્યા હતા. આ પ્રસંગે મહેમાનોને બપોરનું જમણ પીરસવામાં આવ્યું હતું.

## ધરપકડ

વીતેલા વર્ષમાં આપણા સતત પ્રયાસો છતાં સોસાયટીના માજી એડમીનીસટ્રેટર જ. મસુદ મિરઝા પોતાના જુન ૧૯૮૨થી માર્ચ ૧૯૮૩ના નવ માસના ગાળામાં રૂા. ૧,૩૦,૦૦૦ની ઉચાપત માટે કશો પણ સંતોષકારક ખુલાસો કે રકમ પાછી કરી નહિ. તેમજ આ બાબત કોઇ પણ પ્રકારનો સહકારી વલણ અપનાવ્યો નહિ. એટલે નાછુટકે અમારે કાનુની કાર્યવાહી કરવી પડી અને તે માટે સદા વિરોધી ખાતા (એન્ટીકરપશન)માં કેસ દાખલ કરવામાં આવ્યો, અને તા. ૨૬-૬-૮૬ના સદા વિરોધી પોલીસ તરફથી તેમના ઉપર ધરપકડનો વોરન્ટ બજાવવામાં આવ્યો, અને હાલમાં તેઓ જમાનત પર છે. ઉચાપતનો આ કેસ હવે સ્પેશીયલ જજ એન્ટીકરપશન કોર્ટમાં નિયમીત સુનાવણી હેઠળ છે. સોસાયટી વતી જ. સરફરાઝ વકીલ તથા સોસાયટીના સલાહકાર જ. અ. લતીફ અ. શકુર આ કેસની પેરવી કરી રહયા છે.

એવીજ રીતે ઉચાપત તથા વસુલીનો એક

કેસ જ. અ. સતાર સીલાટ (માજી એકટીંગ પ્રમુખ) તથા માજી માનદ મંત્રી જ. મો. અમીન અગ્રહાની વિરૂધ્ધ હાઇ કોર્ટમાં તેમજ ક્રીમીનલ કોર્ટમાં નિયમીત સુનાવણી હેઠળ છે.

## બિનમેમણ સભ્યપદ

બિનમેમણ સભ્યપદ કેસ કો-ઓપ. ખાતાના પ્રધાન જ. અહદ યુસુફ સાહેબે સોસાયટીની દલીલો માન્ય રાખીને ડેપ્યુટી રજીસ્ટ્રારને પાછો કર્યો છે પણ જ બરકતઅલી ઇશાની બંધારણ-અરજી દ્વારા હાઇ-કોર્ટમાં અરજી કરી છે, હું આપ સૌને અપીલ કરૂં છું કે બારગાહે ઇલાહીમાં દુઆ કરો કે અલ્લાહ તઆલા સોસાયટીના હકમાં જે બહેતર હોય તે કરે. આમીન.

## ઇલેકટ્રીક લાઇન

આ બાબતને બહુજ ગંભીર ભાવે હાથ ધરવામાં આવી છે અને KESC થી કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે અને તા. ૧૭-૭-૮૬ના રોજ KESC તરફથી આપણી જરૂરીયાતનો સરવે પણ કરી લેવામાં આવ્યો હતો.

ગેસ તેમજ ટેલીફોન માટે પણ પ્રયાસો ચાલુ છે.

## ઓફિસ ટેલીફોન

મને આ જણાવતાં ખુશી થાય છે કે સોસાયટીની સની પ્લાઝાની ઓફિસમાં ટેલીફોન આવી ગયો છે મને ઉમ્મીદ છે કે ટેલીફોન દ્વારા અમે હવે સભ્યોને સારી સેવાઓ આપી શકશું.

## પાસ બુક

સંસ્થાના સભ્યોની સગવડ માટે તા. ૧ નવેમ્બરથી વ્યકિતગત ખાતાઓની પાસ બુક સીસ્ટમ શરૂ કરવામાં આવી રહી છે. પાસ બુકની એક કોપી સભ્યો પાસે અને બીજી કોપી ઓફીસમાં રહેશે. સભ્યો જે રકમ પે-ઓર્ડર દ્વારા સોસાયટીમાં જમા કરાવશે. તે રકમ તેજ વખતે બન્ને પા.સ બુકોમાં લખી નાખવામાં આવશે. જેથી સભ્યોને તેમના ખાતા અને ભરપાઇ કરેલી રકમની પુરેપુરી માહીતી રહે. મારી આપ સૌ સાહેબોને વિનંતી છે કે નવેમ્બર પછી જયારે તમે રકમની અદાયગી માટે આવો તો સાથે પાસ બુક જરૂર લઇ આવો. પા.સ બુક રૂા. ૧૦] ભરપાઇ કરીને સંસ્થાની ઓફિસેથી મેળવી લેવાની આપ સૌને ભલામણ છે.

## સંસ્થાની નાણાકીય સ્થિતી

અલ્લાહતઆલાના ફઝલો કરમથી સંસ્થાની નાણાકીય સ્થિતી દિનપ્રતિદીન સુધરતી જાઇ રહી છે જે આપ આ રિપોર્ટની સાથે આપવામાં આવેલી ૩૦ જુન ૧૯૮૬ની બેલેન્સશીટમાં જોઇ શકશો. ગયા વર્ષના અંતે ફીકસ ડીપોઝીટમાં રૂા. ૧૨ લાખ હતા અને ૩૦ જુન ૧૯૮૬ના પુરા થયેલા વર્ષના અંતે આ રકમ રૂા. ૧૫ લાખ સુધી પહોંચી ગઇ છે. અને અત્યારે જયારે આ રિપોર્ટ આપના હાથમાં આવશે-ત્યારે તે રકમ રૂા. ૧૭ લાખ સુધીની હશે. જે સંસ્થાની સધ્ધર નાણાકીય હાલતનો ચિતાર આપે છે.

## સભ્યોથી વસુલી

મને આ જણાવતાં અફસોસ થાય છે કે સંસ્થાની નાણાકીય સ્થિતી હજુ પણ વધુ મજબુત થઇ શકે છે. જો સભ્યો પોતાના ઉપર નીકળતી લેણાની રકમો અને હફતાઓની રકમો સમયસર ભરપાઇ કરી આપે. મારી આપ સૌને આજીજી પુર્વક વિનંતી છે કે સભ્યોની લેણી નીકળતી રકમો અને હફતાઓ અગર આપ સમયસર ભરપાઇ કરી આપો તો આપનું પોતાનું જ કામ જલ્દી આટોપાઇ જશે.

CamScanner

કબ્જો

અમારી મેનેજીંગ કમીટીનો કાર્યક્રમ છે કે આવતા વર્ષના અન્ત સુધીમાં ઇન્શાઅલ્લાહ કબ્જો આપી દેવામાં આવે. પણ તેમાં શરત એ હશે કે પ્લોટોની રકમ પુરેપુરી અદા થઇ જવી જોઇએ.

## અવકાફ ડીપાર્ટમેન્ટ

અવકાફ ડીપાર્ટમેન્ટ તરફથી અમુક પરેશાનીઓ કરવામાં આવી રહી છે અને તે માટે અમે પુરી રીતે તૈયારીઓ કરીને સામનો કરી રહયા છીએ. મને આશા છે કે આપ સૌનો સાથ–સહકાર ચાલુ રહયો તો આ કામમાં પણ સોસાયટી ઇન્શાઅલ્લાહ સફળ રહેશે.

## ટ્રાન્સફર

મને અફસોસ છે કે ગયા વર્ષની જાહેરાત મુજબ ડિસેમ્બર ૮૫માં અમે ટ્રાન્સફર ખોલી શકયા નથી. તેનું કારણ એ છે કે અમે ઇચ્છીએ છીએ કે એક વખત એલોટમેન્ટ ઓર્ડર અપાઇ જાય તે પછીજ ટ્રાન્સફર ખોલી નાખવામાં આવે. અને હવે ઇન્શા-અલ્લાહ આ વર્ષની અંત સુધીમાં એલોટમેન્ટ ઓર્ડર અપાઇ જતાં તરતજ ટ્રાન્સફર ખોલી દેવામાં આવશે. આ તકે હું આપ સૌનો આ બાબત તરફ ફરીવાર ધ્યાન દોરવા માગું છું કે ટ્રાન્સફર માત્ર અને માત્ર મેમણ સભ્યો દરમ્યાન જ થઇ શકશે. ગેરમેમણોને તદન ટ્રાન્સફર કરી શકાશે નહિં.

## મીટીંગો

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન કારોબારી સમીતીની કુલ ૧૩ મીટીંગો મળી હતી. આ મીટીંગોમાં સભ્યોની હાજરી એકંદરે ઠીક રહી હતી, પણ સંતોષકારક નહોતી મને એ જણાવતાં દુઃખ થાય છે કે કમિટીના અમુક સભ્યો સંસ્થાની પ્રવૃતિઓમાં એ.છો રસ દેખાડે છે અને ઘણી ખરી મીટીંગોમાં તેમની ગેરહાજરી રહે છે. તેમજ પોતાની આન અને વલણને સોસાયટીના હિતો ઉપર સરસાઇ આપે છે. આ રીત યોગ્ય અને ઠીક નથી. હકીકત એ હોવી જોઇએ કે નેકનિયતીથી કામ કરો અને વલણ કે આનને સોસાયટીના હિતો ઉપર સરસાઇ આપો નહિ. મને આશા છે કે આવતા વર્ષની ચુંટાયેલી કમીટીના સભ્યો પોતાની જવાબદારીઓ પુરી ઇમાન-દારી અને નેકનિયતીથી અદા કરશે, તો અલ્લાહ તઆલા પણ આપણી જરૂર જરૂર મદદ ફરમાવશે.

## સ્ટાફના રાજીનામા

મને આ જણાવતાં અફસોસ થાય છે કે સંસ્થાના બે મજબુત કાર્યકરો જ. રફીક નુર અને જ. હારૂન મારફાની અનુક્રમે ઓફીસ સેક્રેટરી તથા સાઇટ ઓફીસરના ઓહદેથી ૩૦ જુન અને ૩૧ જુલાઇથી રાજીનામા આપી છુટા થયા છે– તેમની સેવાઓની જયારે આપણને અનહદ જરૂરત છે, ત્યારે તેઓએ રાજીનામા આપ્યા છે. પણ સાચી વાત એ છે કે કમીટીના અમુક સભ્યોની બિનજવાબદારીભરી વલણને કારણે આપણે આ બે ખંતીલા સ્ટાફ–કાર્યકરો ગુમાવ્યા છે. તેમનો ખરેખર રંજ થઇ રહયો છે.

આ તકે હું આ બન્ને સદગ્રહસ્થોને આગ્રહભરી વિનંતી કરૂં છું કે આપ પોતાના નિર્ણયો પર ફર–વિચારણા કરીને સોસાયટીને પોતાની ખિદમત આપવા મહેરબાની કરશો. કારણ કે હજુ આપણી મંઝિલ દુર છે– ઘણું બધું કામ કરવાનું છે. અલ્લાહતઆલા આપણે સૌને સંપ અને સહકારની ભાવનાથી કામ કરવાની તોફીક અતા ફરમાવે.

## સહકાર–સંયુકત મીટીંગો

મને આ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે સેકટર ૧૩–A, તથા ૧૫–A અને ૧૬–A વગેરે પાડોશી સોસાયટીઓનો આપણને બહુજ સરસ સહકાર મળી રહયો છે. આપણી સાઇટ ઓફીસ પર

CS CamScanner

અવારનવાર પાડોશી સોસાયટીઓના ઓહદેદારોથી સંયુક્ત મીટીંગો અને ચર્ચા વિચારણા થતી રહે છે– ખાસ કરીને ખ્યારી કો–ઓપ. હાઉસીંગ સોસાયટી, મલિક કો–ઓપ. હાઉસીંગ સોસાયટી તથા કાઠિયાવાડ કો–ઓપ. હાઉસીંગ સોસાયટી વગેરે ખાસ નોંધનીય છે.

## મુલાકાતો

મેમણ નગરની અન્ય લોકોની મુલાકાત ઉપરાંત તા.. ૨૮–૧૦–૮૫ના અત્યારના D C. East અને તે વખતના રજીસ્ટ્રાર જ. અશફાક મેમણ તથા તેમના ડેપ્યુટી રજીસ્ટ્રાર જ. સીરાજ સાહેબ તથા ડીસ્ટ્રીક સાઉવના આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર જ. ઇબ્રાહીમ ચન્નાએ મુલાકાત લીધી હતી અને વૃક્ષ–રોપણ કર્યું હતું.

## વરસાદ

ગયા ઓગસ્ટમાં કરાચીમાં વરસેલા ધોધમાર વરસાદમાં સોસાયટીની જમીન અને ખાસ કરીને સેકટર ૧૫–Aના પાડોશી નાલામાં પાણી પુરી સપાટીએ પહોંચી ગયું હતું. પણ વખતસરના તાત્કાલિક પગલાંઓથી અને ખુદા પાકની મહેરબાનીથી આપણી જમીનને કે ભરાયેલા નાળાને કશું નુકસાન થયુ ન હતું.

## સેકટર ૧૩–એ

મેમણ નગર સેકટર ૧૫–એમાં બનેલી સાઇટની જેમ સેકટર ૧૩–Aમાં પણ સાઇટ ઓફિસ બનાવવાનું નક્કી કરાયું છે. અને ઇન્શાઅલ્લાહ આ કામ પણ ચાલુ વર્ષમાં થઇ જશે.

## હિસાબ–કિતાબ

૩૦મી જુન ૧૯૮૬ના પુરા થયેલા વર્ષનો વાર્ષિક ઓડીટ હિસાબ–કિતાબ આ સાંથે આપવામાં આવ્યો છે. આવક–જાવકના હિસાબને આપ તપાસશો તો જણાઇ આવશે કે આટલી બધી પ્રવૃતિઓ અને સેવાઓ આપવાની સાથોસાથ આપણા ખર્ચાઓને અમે કાબુમાં રાખી શક્યા છીએ. અને વર્ષના અંતે આવક–જાવક હિસાબ થોડું ક ભલે પણ નફો જાહેર કર્યો જે સંતોષની વાત છે.

## ડેવલેપમેન્ટ સબ કમીટી

મને આ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે સોસાયટીના ઉપ–પ્રમુખ જ. મો. ઇકબાલ ઇસ્માઇલ માંગરોલવાલાની વડપણ હેઠળ રચાયેલી ડેવલેપમેન્ટ સબ કમીટી પોતાનું કામ બહુ જ ખંતપુર્વક કરી રહી છે. મને ઉમ્મીદ છે કે ભાઇ ઇકબાલ મેમણ આવી જ ધગશથી કામ કરશે અને આપણો સૌનો તેમને સાથ–સહકાર મળી રહેશે. તો તેઓ સરળતાથી પોતાનું કામ આગળ ધપાવી શકશે અને જેમ બને તેમ જલ્દી પ્લોટોના કબ્જાઓ આપી શકાશે.

## આભાર–દર્શન

અંતમાં હું સંસ્થાને હમેશા સાથ–સહકાર આપનારા કોમી અગ્રેસરો અને ખાસ કરીને પાકિસ્તાન સરકારના હજ બાબતોના સલાહકાર જ. અલહાજ ઝકરિયા કામદાર અને પેટ્રોલિયમ અને કુદરતી સાધનો બાબતના ફેડરલ પ્રધાન અને ઓલ પાકિસ્તાન મેમણ ફેડરેશનના પ્રમુખ જ. હાજી હનીફ તૈયુબ, જ. હાજી ઇબ્રાહીમ પાકોલાવાલા, યુનાઇટેડ મેમણ જમાતના પ્રમુખ જ. અ. હફીઝ મેમણનો આભાર માનું છું કે જેઓ વખતો વખત પોતાનો કીમતી સમય આપીને સંસ્થાને પોતાના અમુલ્ય સલાહ–સુચનો અને માર્ગદર્શન આપતા રહયા છે– આ રિપોર્ટમાં હું આપણી સંસ્થાના મહિલા પ્રમુખ મોહતરેમા ઇશરત હનીફ મોતીવાલા સાહેબાનો અને ઉપ પ્રમુખ જ. મો. ઇકબાલ ઇસ્માઇલ માંગરોલવાલાનો ખાસ આભાર માનું છું કે તેઓ વખતો વખત સમય કાઢીને સંસ્થાની તમામ પ્રવૃતિઓમાં ભાગ લેતા રહયા છે. તેમજ કારોબારી કમીટીના મારા સાથીઓનું પણ આભાર માનું છું

કે જેઓના માયાળુ સહકારના કારણે આપણે આટલા આગળ વધી શકયા છીએ. આ તકે હું ડી. સી. ઇસ્ટ જ. અશફાક મેમણ તથા તેમના બીજા અધી-કારીઓ અને ડેપ્યુટી રજીસ્ટ્રાર જ. સીરાજ સાહેબ અને આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર જ ઇબ્રાહીમ ચન્ના અને તેમના સાથી અધીકારીઓનો તેમના માયાળુ સહકાર બદલ આભાર માનું છું. આ તકે જ. હાજી ઉમર અહમદ ઇશાની જેઓ વંથલી જમાતના અગ્રેસર છે, તેમના પણ અમે આભારી છીએ કે સતત ત્રીજા વર્ષે પણ સોસાયટીના માનદ ઇલેકશન કમીશનર તરીકે પોતાની ઉમદા સેવાઓ આપીને આપણી સોસાયટીની ચુંટણીઓ કાયદેસરના નિયમો મુજબ નિષ્પક્ષ રીતે કરાવી આપી.

આ ઉપરાંત સંસ્થાના સમાચારોને પોતાના દૈનિક, પખવાડીક તથા માસિક પત્રોમાં યોગ્ય સ્થાન આપીને અમને સહકાર કરનાર 'ડૉન ગુજરાતી,' 'મિલ્લત,' 'વતન', તથા 'મેમણ બુલેટીન', 'મેમણ ન્યુઝ' અને 'મેમણ આલમ'ના તંત્રી સાહેબોનો પણ ખાસ આભાર માનું છું.

એ સિવાય આપણા કાનુની સલાહકાર જ. અ. લતીફ અ. શકુર સાહેબનો અને જ. આરિફ બિલાલ એડવોકેટનો તથા માજી પ્રમુખ જ. અ. મજીદ ફાઝલ સાહેબનો કે જેમના કાનુની સલાહ-સુચનો અને સાથ–સહકાર બદલ આભાર માનું છું આ પ્રસંગે સંસ્થાને હમેશા ભરપુર સાથ અને સહકાર આપનાર જ. અ. ગફાર હાશમ મોતીવાલાનો તથા સંસ્થાની મીટીંગો માટે ગૌસિયા હોલ આપવા બદલ જ. હાજી નુરમોહંમદ ઉફસવાલાનો આભાર માનું છું. તેમજ આપણા ઓફિસ સેક્રેટરીથી લઇને બધા ઓફિસ સ્ટાફનો અને સોસાયટીના કન્સલટીંગ ઇન્જીનીયર જ. એમ. આલમનો પણ તેમના ઉમદા કામ બદલ કદરદાનીપુર્વક આભાર માનું છું. અને એ સૌ સાહેબોનો પણ આભાર માનું છું કે જેમના નામોનો અહીં ઉલ્લેખ નથી.

અંતમાં સંસ્થાનો આ વર્ષિક રિપોર્ટ શાંતિથી સાંભળવા બદલ અને મને અવારનવાર સાથ–સહકાર આપવા બદલ આપ તમામ હાજરીનોનો અને સભ્યોનો પણ દિલી આભાર માનું છું.

ખુદાવંદ કરીમ આપણે સૌને નેક નિયત, ઇમાનદારી અને સંપથી કોમની ખિદમત કરવાની તોફીક અતા ફરમાવે.

વમા તવફીકી ઇલ્લા બિલ્લાહ (આમીન.)

CamScanner

# Office Bearers & Members of the Managing Committee

## 1985 - 86

| | | |
|---|---|---|
| 1. | MRS. ISHRAT HANIF MOTIWALA | President |
| 2. | MR. IQBAL ISMAIL MANGROLWALA | Vice President |
| 3. | MR. ALI MOHAMMED PIPRANI | Hon. Gen. Secretary |
| 4. | MR. AMIN JAMAL | Committee Mem. |
| 5. | MR. ASHRAF SULEMAN ADAMJEE | ,, |
| 6. | MR. ABDUL GHANI CHAPPRA | ,, |
| 7. | MR. YUSUF M. MEMON | ,, |
| 8. | MR. ABDUL RAZZAK DHEDHY | ,, |
| 9. | MR. HANIF HAJI AYUB BOMBIA | ,, |
| 10. | MR. YOSUF ABDULLAH | ,, |
| 11. | MR. MEMON ALI MOHD. MITHOO | ,, |
| 12. | MR. ABDUL GHANI JIVA BHAI | ,, |
| 13. | MR. ABDUL SATTAR BHANGDA | ,, |
| 14. | MR. HANIF HAJI TAYUB | ,, |
| 15. | MR. GHULLAM HUSSAIN HABIB | ,, |
| 16. | MR. RAZZAK HAJI MOHAMMED | ,, |

CamScanner